<u>સેશન્સ કેસ નંબર–૩૦૧/૨૦૨૫.</u>

## <u>આંક–૧ નીચે હુકમ</u>

(૧) હાલનો કેસ ના. સેશન્સ કોર્ટ, સુરતના ઓફિસ ઓર્ડરથી ટ્રાન્સફર થઈને આ કોર્ટમાં આવેલ છે. આ કામે વિ.એ.પી.પી.શ્રીએ આંક–૩ થી અરજી આપી આરોપી છેલ્લાં ઘણા સમયથી પોલીસ દ્વારા વારંવાર પ્રયત્નો કરવા છતાં મળી આવતા નથી અને મળી આવે તેવી શક્યતા નથી અને કેસ ઘણો જૂનો છે. જેથી આરોપી મળી આવેથી કેસ રીઓપન કરવાની શરતે ક્રિ.પ્રો.કોડની કલમ–૩૨૧ મુજબ કેસ પરત ખેંચવા પરવાનગી માંગેલ છે.

(૨) કેસનું રેકર્ડ જોતાં આરોપીને વારંવાર પ્રયત્ન કરવા છતાં મળી આવતા નથી. મૂળ ફોજદારી કેસ દાખલ થયાને ૩૦ વર્ષ ઉપરાંતનો સમય થયેલો છે અને આરોપીની હાજરી મળી આવતી નથી. જેથી વિ.એ.પી.પી.શ્રી દ્વારા સદરહુ કેસ પરત ખેંચવા માંગતા હોય અને તે પણ આરોપી મળી આવેથી કેસ રીઓપન કરવાની શરતે પરત ખેંચતા હોય તે અંગે પરવાનગી આપવામાં આવે છે. સાથે જ ત.ક. અમલદારને આથી હુકમ કરવામાં આવે છે કે, આરોપીની તપાસ ચાલુ રાખવી અને મળી આવેથી આરોપીને કોર્ટમાં રજૂ કરવા.

(૩) આમ, આજરોજ પરવાનગીથી કેસ પરત ખેંચતા હોય મારો આખરી હુકમ નીચે મુજબ કરું છું.

## <u>હુકમ</u>

➢ પોલીસ દ્વારા આરોપી(ઓ)ની તપાસ ચાલુ રાખી મળી આવેથી પકડી રજૂ કરવાની શરતે પ્રોસીક્યુશનને આ કેસ પરત ખેંચવા પરવાનગી આપવામાં આવે છે અને તે રીતે કેસ ફેંસલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

➢ આરોપી(ઓ) મળી આવેથી કેસને ફરી દાખલ લઈ જે તબક્કે છે તે તબક્કેથી આગળ ચલાવવો.

હુકમ આજ તા.૧૧મી, માહે જુલાઈ, સને ૨૦૨૫ ના રોજ વાંચી, સંભળાવી, જાહેર કર્યો.

તા.૧૧/૦૭/૨૦૨૫.
સ્થળઃ સુરત.

**(આશિષ જે.એસ.મલ્હોત્રા)**
બીજા એડીશનલ સેશન્સ જજ,
સુરત.
(Unique I.D.Code No.GJ01504)